## (1) Supply Chain Resilience Initiative વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ પહેલની સૌથી પ્રથમ દરખાસ્ત આસીઆન સમૂહ દ્વારા કરવામાં આવી હતી.

(2) આ પહેલમાં ભારત, ઓસ્ટ્રેલિયા, દક્ષિણ કોરીઆ તથા આસીઆન સમાવિષ્ટ થયાં છે.

(3) આ પહેલનો મુખ્ય ઉદ્દેશ ઈન્ડો–પેસિફિક વિસ્તારમાં FDI આકર્ષવાનો છે.

(4) આ પહેલ દ્વારા ચીન પરની નીર્ભરતા ઘટાડી શકાશે.

(A) માત્ર (1), (2) અને (3)   (B) માત્ર (3) અને (4)

(C) માત્ર (1)   (D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ ભારત, જાપાન અને ઓસ્ટ્રેલિયા **Supply Chain Resilience Initiative**માં સમ્મેલીત થશે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ પહેલની સૌપ્રથમ દરસ્ખાસ્ત જાપાન દ્વારા કરવામાં આવી હતી. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ પહેલ ચીન પરની નિર્ભરતા ઓછી કરવા માટે શરૂ કરવામાં આવી હતી. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ ચીનના રાજકીય વર્તનથી ચિંતિત કંપીઓ માટેનું આ પ્રત્યક્ષ પગલું છે. આ કંપનીઓની સપ્લાય ચેઈન ચીનના વર્તનના કારણે અડચણમાં મુકાયેલી છે.

⇛ આ પહેલનો મુખ્ય ઉદ્દેશ ઈન્ડો–પેસિફિક વિસ્તારમાં **FDI** (પ્રત્યક્ષ વિદેશી રોકાણ)ને આકર્ષવાનો છે. આથી, આ વિસ્તાર આર્થિક પાવરહાઉસ બની શકશે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ પહેલનો અન્ય ઉદ્દેશ આ વિસ્તારના દેશો વચ્ચેની ભાગીદારીમાં વધારો કરવાનો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(2) નેશનલ સ્ટ્રેટેજી ફોર ફાયનાન્સીયલ એજ્યુકેશન (NSFE) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) આ દસ્તાવેજ RBI દ્વારા જાહેર કરવામાં આવ્યો છે.
(2) આ સ્ટ્રેટેજીનું અમલીકરણ આવનારા 3 વર્ષો માટે કરવામાં આવશે.
(3) આ પ્રકારની આવી પ્રથમ સ્ટ્રેટેજી છે.
(4) NSFE દ્વારા દેશમાં નાણાકીય શિક્ષણના વિસ્તરણ માટે 5 'P' એપ્રોચ આપવામાં આવ્યો છે.

(A) માત્ર (1) (B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1), (3) અને (4) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ RBI દ્વારા નેશનલ સ્ટ્રેટેજી ફોર ફાયનાન્સીયલ એજ્યુકેશન નામનો દસ્તાવેજ જાહેર કરવામાં આવ્યો છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ પ્રકારની આ દ્વિતીય સ્ટ્રેટેજી છે. પ્રથમ NSFE 2013માં જાહેર કરવામાં આવી હતી. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ આ સ્ટ્રેટેજીનું અમલીકરણ પાંચ વર્ષ (2020-2025) માટે કરવામાં આવશે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ સ્ટ્રેટેજી નેશનલ સેન્ટર ફોર ફાયનાન્સીયલ એજ્યુકેશન (NCFE) દ્વારા તૈયાર કરવામાં આવેલ છે.

⇛ NSFEનો હેતુ નાણાકીય રીતે જાગૃત તથા સશકત ભારતના નિર્માણનો છે. આ માટે NSFE દ્વારા 5 'C' એપ્રોચ આપવામાં આવ્યો છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ 5 'C' એપ્રોચ : Content, Capacity, Community, Communication, Collaboration.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (3) સાયન્સ એન્ડ ટેક્નોલોજી ઈન્ડીકેટર્સ (STI), 2018 વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) તે ભારતના વૈજ્ઞાનિક સંશોધનની સ્થિતિ દર્શાવતો એક સંક્ષેપ છે.
(2) આ સંક્ષેપ નેશનલ સાયન્સ એન્ડ ટેક્નોલોજી મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે.
(3) ભારતમાં ખાનગી ક્ષેત્ર સરકારી સંસ્થાઓ કરતાં વધુ પ્રમાણમાં સ્ત્રીઓને મુખ્ય સંશોધન પ્રવૃત્તિઓમાં રોજગાર આપે છે.
(4) ભારતમાં અભ્યાસમાં ઉચ્ચક્ષેત્રે (phD) રહેલી સ્ત્રીઓની સંખ્યા અને સંશોધનને કેરીઅર તરીકે સ્વીકારતી સ્ત્રીઓની સંખ્યામાં મોટો તફાવત રહેલો છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં સાયન્સ એન્ડ ટેક્નોલોજી ઈન્ડીકેટર્સ, 2018 જાહેર કરવામાં આવ્યા છે.

⇛ તે ભારતમાં વૈજ્ઞાનિક સંશોધનની સ્થિતિ દર્શાવતો એક સંક્ષેપ છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ (DST) હેઠળની નેશનલ સાયન્સ એન્ડ ટેક્નોલોજી મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ (NSTMIS) દ્વારા આ સંક્ષેપ તૈયાર કરવામાં આવ્યો છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ સંક્ષેપ ભારતમાં રહેલી વૈજ્ઞાનિક સંસ્થાઓ દ્વારા આપવામાં આવેલી માહિતી પરથી તૈયાર કરવામાં આવ્યો છે.

⇛ સંક્ષેપ મુજબ, ખાનગી ક્ષેત્રમાં મુખ્ય સંશોધન પ્રવૃત્તિઓમાં રોજગાર મેળવતી સ્ત્રીઓનું પ્રમાણ સરકારી સંસ્થાઓમાં મુખ્ય સંશોધન ક્ષેત્રે રહેલી સ્ત્રીઓ કરતાં વધુ છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ ભારતમાં ડોકટરની પદવી (phD) મેળવતી મહિલાઓની સંખ્યા અને સંશોધનને પોતાનું મુખ્ય કેરીઅર પસંદ કરનાર મહિલઓની સંખ્યા વચ્ચે મોટો તફાવત રહેલો છે, જેનું કારણ પુત્રપ્રધાન સમાજ અને સામાજિક દબાણ છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**(4) નમથ બસાઈ કાર્યક્રમ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) આ કાર્યક્રમ તમિલનાડુનો છે.
(2) કાર્યક્રમનું અલીમકરણ રાજ્ય આદિજાતી વિભાગ દ્વારા કરવામાં આવે છે.
(3) આ કાર્યક્રમમાં આદિજાતી બાળકોને તેમની માતૃભાષામાં જ શિક્ષણ આપવામાં આવે છે.
(4) કાર્યક્રમ માટે ટી. વી. ચેનલ પર અભ્યાસને લગતાં વિડિયો પ્રસારીત કરવામાં આવે છે.

(A) માત્ર (1), (2) અને (3) (B) માત્ર (3)
(C) માત્ર (2) અને (4) (D) આપેલ તમામ

⇒ **જવાબ :- B**

**સમજૂતી :**

⇒ કેરળના નમથ બસાઈ કાર્યક્રમને સારી સફળતા મળી રહી છે. (આથી, વિધાન **(1)** ખોટું છે.)

⇒ કેરળ રાજ્યનો આ એક અજોડ કાર્યક્રમ છે, જેમાં આદિજાતી બાળકોને તેમની જ માતૃભાષામાં શિક્ષણ આપવામાં આવે છે. (આથી, ધિવાન **(3)** સાચું છે.)

⇒ આ કાર્યક્રમનું અમલીકરણ સમગ્ર શિક્ષા કેરળ **(SSK)** દ્વારા કરવામાં આવે છે. (આથી વિધાન **(2)** ખોટું છે.)

⇒ આ કાર્યક્રમ દ્વારા ઘણાં આદિજાતી બાળકોને ઓનલાઈન કલાસમાં જાળવવામાં સફળતા મળી છે. માતૃભાષામાં શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓ ઘર જેવો અનુભવ કરી રહયા છે.

⇒ કાર્યક્રમમાં પહેલેથી રેકોર્ડ કરાયેલાં કલાસને યુ–ટયૂબ ચેનલ દ્વારા વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવામાં આવે છે. (આથી, વિધાન **(4)** ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(5) CCUS ટેક્નોલોજી વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) તેનું પૂરુંનામ કાર્બન કેપ્ચર, યુટિલાઈઝેશન એન્ડ સ્ટોરેજ છે.

(2) આ ટેક્નોલોજીમાં કાર્બન ડાયોકસાઈડને તેના ઉત્સર્જનના સ્ત્રોત પરથી કેપ્ચર કરવામાં આવે છે.

(3) આ પ્રકારે પકડવામાં આવેલાં કાર્બન ડાયોકસાઈડનો ફરી ઉપયોગ કરી શકાતો નથી. તેનો ભૂગર્ભમાં સંગ્રહ કરવો પડે છે.

(4) આ ટેક્નોલોજીમાં કાર્બન કેપ્ચરની કિંમત ઊંચી હોય છે.

(A) માત્ર (1), (2) અને (3) (B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1), (2) અને (4) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગે એકસીલરેટીંગ CCUS ટેક્નોલોજી પહેલ હેઠળ ભારતીય સંશોધકો પાસેથી સંશોધન માટેની અરજીઓ આવકારી છે.

⇛ CCUSનું પૂરુંનામ કાર્બન કેપ્ચર, યુટિલાઈઝેશન એન્ડ સ્ટોરેજ છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ CCUSમાં એ એવી ટેક્નોલોજીઓનો સમૂહ છે જે કાર્બન ડાયોકસાઈડને તેના ઉત્સર્જનના સ્ત્રોત પરથી કે હવામાંથી કેપ્ચર કરતી હોય. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ રીતે કેપ્ચર થયેલાં કાર્બન ડાયોકસાઈડનો વિવિધ ક્ષેત્રે ફરીથી ઉપયોગ થઈ શકે છે. (દા.ત. સીમેન્ટ, પ્લાસ્ટીક) અથવા તો તેનો ભૂગર્ભના સ્વરૂપોમાં સંગ્રહ કરવામાં આવે છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ ટેક્નોલોજીના ફાયદાઓ : કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો, કોલસા કે ગેસથી ચાલતા પાવર પ્લાન્ટની અસરકારકતામાં વધારો વગેરે.

⇛ ટેક્નોલોજીની મુશ્કેલીઓ : ભૂગર્ભમાંથી લીકેજ, કાર્બન કેપ્ચરની ઊંચી કિંમત, કાર્બન ડાયોકસાઈડના પુનઃઉપયોગ માટે વધુ ઊર્જાની જરૂરિયાત વગેરે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

**Facebook**
*like | comment | share*
ICE RAJKOT

**twitter**
ICE RAJKOT